# જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## વ્યાખ્યાન માળા ૨૦૨૨-૨૩

## જૈન તીર્થોની ભવ્ય ગાથા

## વ્યાખ્યાન – ૧૩ બિહાર અને ઝારખંડના તીર્થો-૨

**વ્યાખ્યાતા- શ્રી અર્પિતભાઈ શાહ**

**તારીખ – ૧૧/03/૨૦૨૩**

પ્રથમ પ્રારંભ આજે કરીએ છીએ એવી ભૂમિથી જ્યાં પરમાત્માના પંચકલ્યાણકો થયા છે. એકમાત્ર વિશ્વની એવી ભૂમિ કે જ્યાં કોઈ પણ પરમાત્મા ના પાંચ કલ્યાણક થયા હોય એવી આ ચંપાપુરી આજની યાત્રાનો પ્રારંભ કરીશું. આ ચંપાપુરી ની ભૂમિ છે જ્યાં પ્રભુ શ્રી મહાવીર સ્વામી ભગવાનના બે બે ચાતુર્માસ થયા છે; શ્રી આદિનાથ અને પાશ્વનાથ પ્રભુ જે ભૂમિ ઉપર વિચરણ કરી રહ્યા હતા એવી આ ચંપા પૂરી છે; સુદર્શન શેઠ જ્યાં નવકારની આરાધના કરી હતી એ આ ચંપા પુરી ની ભૂમિ; સતિ સુભદ્રા ની શિલ પરીક્ષાની ભૂમિ ;મહાભારતના કર્ણ ની રાજ્ય ભૂમિ; શ્રીપાલ રાજા ની જન્મભૂમિ ;ચંદનબાળા ની જન્મભૂમિ અને અંગ દેશની રાજધાની એવી આ ખૂબ જ મહત્વપૂર્ણ ચંપા પુરી તીર્થ ની આ ભૂમિ રહી ચૂકી છે. આજે આપણે વિચાર કરીએ કે બિહારમાં એક નાનકડા પ્રાંતમાં એક ભાગમાં ભાગલપુર ની બાજુમાં એક એક નાનકડું ગામડું છે એ ગામડામાં આપણે જઈએ તો આપણા દેરાસરો છોડીને ખાલી ને ખાલી મસ્જિદો દેખાય એવી આ ભૂમિ છે અને કોઈ ડેવલોપમેન્ટ નથી આ ભૂમિમાં, છતાં પણ આ આટલો આગવો ઇતિહાસ રહી ચૂક્યો છે આ ભૂમિનો. આજે આ ચંપાપુરીની અમુક દૂર લગભગ 50 કિલોમીટર દૂર મંદારગીરી પર્વત છે. એ મંદારગીરી પર્વત સુધી આની સીમાઓ હતી એક સમયમાં એવી જાહોજલાલી હતી. આ ચંપાપુરી ની આપણે આ તીર્થની યાત્રા નીકળ્યા છીએ તો સૌ પ્રથમ આપણે જાણીએ કે તીર્થ શ્વેતાંબર તીર્થમાં આપણે પ્રવેશ કરીએ છીએ ત્યારે પ્રાચીન જિનાલય આ લગભગ લગભગ જેના શિલાલેખો આપણને 15 મી 16 મી સદીથી

પ્રાપ્ત થાય છે એવું આ પ્રાચીન જીનાલય છે અને આપણને ઉલ્લેખ પ્રાપ્ત થયા છે કે ૧૮મી સદીમાં જીર્ણોદ્ધાર પામ્યું હતું અને 1878 ના ભૂકંપે આજના લઈનેદ્વસ્ત કર્યું હતું ત્યારબાદ આનું નવીનીકરણ થયું હતું અહીં બે જિનાલય છે અને બંને જિનાલે બંને જિનાલયમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામી છે. એક છે મુખ્ય જિનાલય પંચકલ્યાણક જિનાલય અંદર પ્રાચીન વાસ્તુ પૂજ્ય સ્વામી ભગવંત બિરાજમાન છે નવું જિનાલય છે એમાં પણ મૂળ નાયક વાસુપૂજ્ય સ્વામી ભગવાન છે. મુખ્ય જીનાલય જે છે એના ઉપરના માળમાં સમોસરણની રચના છે શ્રીપલ રાજાની ચિત્ર કથાના પટ છે. આનો છેલ્લો જીર્ણોદ્ધાર 2007માં આચાર્ય શ્રી મુક્તિ પ્રભ સુરીશ્વરજી મહારાજા  અને એમના ગુરુદેવ આચાર્ય  જયવિજય કુંજર સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે થયો હતો. એવી આ ચંપાપુરી ની ભૂમિ છે. અહીં આપણે જોઈ શકીએ છીએ કે સામાન્ય રીતે આપણે કોઈ તીર્થસ્થાનમાં જઈએ છીએ તો આપણને નાગર શૈલી લગભગ જોવા મળતી હોય છે પણ આપણને અહીં નાગર શૈલીનો એટલો પ્રયોગ જોવા મળતો નથી અને અંદરમાં એક બ્રિટિશ સમયની જે કલાકૃતિ કહી શકાય એટલે ટાઇલ્સ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. તો આપણે અહીં જોઈ શકીએ છીએ કે રંગ મંડપથી ગર્ભ ગૃહનો છે દ્રશ્ય છે અને એમાં આપણને ટાઇલ્સ નો ઉપયોગ દેખાય છે એટલે આપણને સુસજ કોતરણી નહીં પણ ટાઇલ્સની એક અલગ કલાકારીગીરી આ દેરાસરમાં દેખાય છે. જમણી તરફના ફોટામાં આપણે જોઈ શકીએ છીએ કે મૂળના એક પરમાત્માની વેદી મુઘલકાલીન જેનું સ્થાપત્ય કહી શકાય એવું બનાવવામાં આવી છે.

પંચકલ્યાણક દેરાસરમાં અહીં પ્રાચીન 16 મી સદીના વાસુપૂજ્ય  સ્વામી દાદા બિરાજમાન છે એ 16 મી સદીની છે. અહીં એક ભોયરું છે એમાં શ્યામવરણીય વાસ્તુ પૂજ્ય સ્વામીની પ્રતિમા છે. પાંચ મંદિર છે પ્રાચીન શામવરણીય ચરણ પાદુકા બિરાજમાન છે, જે મોક્ષ કલ્યાણક નું પ્રતિકરુપ બનાવવામાં આવી છે એવું આ પંચ કલ્યાણક નું દેરાસર છે. અલગ અલગ કલ્યાણકોની સ્વતંત્ર દેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભોયરાની અંદર મોક્ષ કલ્યાણક ની ડેરી નું નિર્માણ થયું છે. આનો ઇતિહાસ સમજવા માટે આપણું સદભાગ્ય કહી શકાય કે અહીં ચાર પ્રાચીન શિલાલેખો આજે પણ છે વિદ્યમાન છે. જૂનામાં જૂનો જે શિલાલેખ છે એ પંદરસો સોળ નો શિલાલેખ છે. અને એમાં ઉલ્લેખ છે હીર વિજય સુરીશ્વરજી દાદાના ઉપાસક પરિવાર

સજ્જનસિંહ દ્વારા અહીં મૂળ જે જગ્યામાં પ્રભુ કેવળ જ્ઞાન થયું હતું એ સ્થળ ઉપર પંચકલ્યાનક દેરાસરનું મૂળથી જીર્ણોદ્ધાર કરાવ્યો અને એની બાજુમાં ત્રણ મંઝિલનું એક દેરાસર સ્વદ્રવ્યથી નિર્માણ કરાવ્યું અને તેની પ્રતિષ્ઠા ઉપાધ્યાય ભાનુ ચંદ્ર ગણિ જે આચાર્યશ્રી હીર વિજયસુરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર હતા એમના વરદ હસ્તે અહીં પ્રતિષ્ઠા કરાવવામાં આવી, સાથે સાથે સુગમ ગણધર વિજયદાન સુરીશ્વરજી મહારાજાની પણ ચરણ પાદુકાની અહીં પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે. એટલે આ સૌથી જૂનામાં જૂનો શિલાલેખ ૧૫૧૬ છે. એના પછીનો જે શિલાલેખ છે ૧૭૭૨નો છે. એટલે લગભગ ૧૮મી સદીનો આ શિલાલેખ છે એમાં એમ કહેવામાં આવ્યું છે 'લઘુ ગંગા તટસ્થીત' એટલે આજે અહીં ગંગા નદી વહે છે એ લઘુ ગંગા છે અને એમાંથી પ્રાચીન પ્રતિમાઓ આપણને પ્રાપ્ત થઈ છે. લઘુ ગંગા તટસ્થીત એવા આ વાસ પૂજ્ય સ્વામીની છે કેવળ જ્ઞાન ભૂમિ છે પણ આપણને કહેવામાં આવ્યું હતું કે પહેલા શ્વેતાંબર મંદિરમાં કેવળ જ્ઞાન થયું હતું કેવળ જ્ઞાન કલ્યાણક ની ભૂમિ છે. બીજા શિલાલેખમાં પણ સેમ વસ્તુ કહેવામાં આવી છે કે જ્યાં કેવલ્ય સ્થાન હતું એમાં અતિ પ્રાચીન શ્રી વાસુ પૂજ્ય સ્વામી ભગવાનનું જે જીનાલય હતું એનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો અને જેમને જેમણે કરાવ્યો હતો એ બધાના નામ આપવામાં આવ્યા છે અને આ પ્રતિષ્ઠા કોણે કરાવી તો જે આપણે જેની સ્નાત્ર પૂજામાં રોજ ગાઈએ છીએ એ પંડિત વીર વિજયગણીજી દ્વારા કરવામાં આવ્યો હતો.

ત્રીજા શિલાલેખમાં એ પણ 18 મી સદીનો લીલ શિલાલેખ છે. અખાત્રીજના દિવસે અહીંનો જીર્ણોદ્ધાર થયો હતો અને અલગ અલગ ગચ્છો દ્વારા એમાં ખતરના જીનચંદ્ર સુરિ મહારાજ તપાગચ્છના ઉપાધ્યાય માનકુશળ ગણી ઉદ્યોતન ગણિ આચાર્ય સોમસુરિ મહાત્મા દ્વારા જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. ચારે ચાર કલ્યાણકોની ચાર દેવ કુલીકાની સ્થાપના થઈ હતી. 1800 નું શિલા લેખ છે.

ચોથા શિલા લેખમાં જોઈએ તો પ્રાચીન સમયનો ગણી શકાય એવો લાસ્ટ શીલા લેખ છે કે જેમાં આપણને ઉલ્લેખ મળે છે 1931 માં ખરતર ગચ્છના આચાર્ય જીવ ચારિત્ર સુરીજી

મહારાજા દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ  જોઈ રહ્યા છીએ એ તે સમયનું છે. ત્યારબાદ 2007માં આચાર્ય મુક્તિપ્રભ સુરિશ્વરજી મહારાજા એ કર્યો હતો અને એ જ શિલાલેખ ની વાત કરે છે ભાગલપુર ના સુ શ્રાવક રાય બહાદુર સુખ રાયે પોતાના સ્વ દ્રવ્યમાંથી નવા દેરાસર નું નિર્માણ કરાવ્યું હતું ,જીર્ણોદ્ધાર કરાવ્યો. પંચકલ્યાણક મંદિરમાં નવા નવા ચરણોની સ્થાપના કરી જે આજે પણ વિદ્યમાન છે અને જે જૂના જીનાલયમાં શુભમ ગણધર અને ગૌતમ ગણધર ના ચરણ પાદુકા હતા એમને એમની પ્રતિમા પણ બેસાડી દાદાવાડી નું નિર્માણ કર્યું ત્યાં અભય દેવ શ્રીજી મહારાજની ગુરુમૂર્તિ મહારાજના ચરણ પાદુકા જિનપ્રભ સુરીશ્વરજી મહારાજની ચરણ પાદુકા આદીની પ્રતિષ્ઠા કરી.

એટલે આપણને પ્રાચીન ચાર શિલાલેખ પ્રાપ્ત થાય છે અને એમાં એક કોમન વસ્તુ આપણને એ જાણવા મળે છે કે આ એ ભૂમિ છે જ્યાં પરમાત્માને કેવળ જ્ઞાન થયું હતું, પ્રભુનું પહેલું સમસરણ રચાયું હતું એવી આ ચંપા પૂરી તીર્થની છે ભૂમિ છે. આપણે જીર્ણોદ્ધાર પહેલા 2007માં એ લઈને જ પરિસ્થિતિ હતી એ આપણે લેફ્ટ સાઈડમાં એની કઈ શૈલી હતી એ જોઈ શકાય છે. પહેલા  શિખરો અહીં બનતા હતા કઈ શૈલીનું સ્થાપત્ય હતું, ત્યારબાદ હાલમાં લેટેસ્ટ જીર્ણોદ્ધાર થયો છે ત્યારબાદ તેના સ્થાપત્યમાં કેવા ફેરફાર આવ્યા છે એ અહીં જોઈ શકાય છે. પહેલા પણ બે અલગ અલગ શિખરોમાં જિનાલય હતા એક મૂળ જીનાલય બીજું પંચ કલ્યાણક  જીનાલય આજે પણ સેમ વ્યવસ્થા છે માત્ર ને માત્ર કલાકૃતિનો ચેન્જીસ છે.

આ દેરાસરના પરિસરની ખૂબ જ ખાસ વાત છે અહીંના ઉદ્યાનમાં કુવો છે સતી સુભદ્રા નો કુવો છે એ એમની સતીત્વની પરીક્ષા કાજે કે એમાં પોતાનું સતીત્વ સિદ્ધ કર્યું હતું એના સ્મૃતિ રૂપે અહીં મૂકવાનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં મૂળ નાયક પરમાત્માના ઉપરના ભાગમાં સમોસરણનું જિનાલય છે, એના આપણે ફોટામાં દર્શન કરી શકીએ છીએ ત્યાં શ્રીપાલ રાજાના જીવનના ચરિત્ર ના પટ્ટો જોવા મળે છે. આ બધું જ આજના પરિસરમાં જોવા મળે છે

હવે આપણે દિગંબર તીર્થ જોઈએ તો નાથ નગર નામના ગામમાં જઈએ જે ચંપાપુરી થી એકદમ નજીક છે ત્યાં દિગંબરોનું તીર્થ છે અને સંશોધકોનું એવું માનવું છે કે ત્યાં જે પ્રાચીન

ચરણ પાદુકાઓ બિરાજમાન છે એના આધારે એમનો નિશ્ચય એવો છે કે આ ભૂમિ ત્તે હતી કે જ્યાં પ્રભુ નું ચ્યવન અને જન્મ કલ્યાણક થયું હતું અને આપણી માન્યતાને મુજબ કેવળ જ્ઞાન કલ્યાણ ભૂમિ જે છે એ શ્વેતાંબર મંદિરમાં છે. એવી રીતે જે ચ્યવન અને જન્મ કલ્યાણક ભૂમિ એ આ નાથનગર વિસ્તારમાં દિગંબરના બે અલગ અલગ દેરાસર છે જ્યાં પ્રભુના ચ્યવન અને જન્મ કલ્યાણક થયા હતા. દિગંબર મત અનુસાર પ્રભુની દીક્ષા કેવળ જ્ઞાન અને મોક્ષ ભૂમિ આ મંદારગીરી પર્વત ઉપર છે લગભગ 50 કિલોમીટર દૂર છે ચંપાપુરી થી, એની વાત આપણે આગળ કરીશું. દિગંબરોના બે જિનાલય છે એક છે ક્ષેત્રમંદિર અને તથા બીજું છે મંદિર બીસપંથી.

પ્રથમ આપણે ક્ષેત્ર મંદિરની વાત કરીએ તો આ મંદિર ખૂબ જ મોટા પરિસર સ્થિત છે. અહીંના માનસ્તંભો દિગંબર જિનાલયના મંદિરોની એક સ્થાપત્ય વિશેષતા કહી શકાય એમાં માન સ્તંભો જોવા મળે. જે અહીંના 2200 વર્ષ પ્રાચીન છે અહીં વાસુ પૂજ્ય સ્વામી ભગવાનના પ્રાચીન ચરણ પાદુકા બિરાજમાન છે આ ઉપરાંત નાના નાના અનેક જિનાલય છે. ગંગા નદીના કિનારે થી પ્રાપ્ત અહીં હજારો વર્ષ થી વધુ પ્રાચીન સાત પ્રતિમાઓ બિરાજમાન છે.

બિસપંથી દિગંબર મંદિરની ખાસિયત એ છે કે એની અંદર રત્નોની પ્રતિમાઓ છે. બહુમૂલ્ય રત્નો દ્વારા અહીં પ્રતિમા નું નિર્માણ કરવામાં આવ્યું છે સાથે સાથે એક પ્રાચીન પદ્માવતી દેવીની પ્રતિમા પણ છે જે માન્યતા હિસાબે ખૂબ જ ચમત્કારી પ્રતિમા છે. અહીંના સૌથી પ્રાચીન ચરણ પાદુકા ક્ષેત્ર મંદિરમાં છે એ વાસુપૂજ્ય સ્વામી ભગવાનના જન્મ કલ્યાણક ના સૌથી ચરણ પાદુકા ક્ષેત્ર મંદિરમાં બિરાજમાન છે. બીજા શિલાલેખ ની અંદર લઘુ ગંગા તટ ની વાત કરવામાં આવી હતી જે ગંગા કિનારે થી  સાત પ્રતિમા પ્રાપ્ત થયા હતા. આ બધી જ પાલકાલીન પ્રાચીન પ્રતિમાઓ છે. અહીં આપણે જોઈ શકીએ છીએ કે આ પ્રતિમાઓ કેટલી અદભુત છે. આ વેદીની અંદર વચ્ચે મૂળ નાયક એવા આદિનાથ પરમાત્માની જે પ્રતિમા છે એ અદભુત નયનરમ્ય પ્રતિમા છે અને એમની કેશકળા એકદમ સરસ મજાની બનાવવામાં આવી છે. પ્રભુ ધ્યાનમુદ્રામાં લીન છે છતાં એમની નાસાગ્ર દ્રષ્ટિ દેખાડવામાં આવી છે.

અન્ય જે સાત પ્રતિમાઓ મળી આવેલ છે. એમાં પ્રથમ જોઈએ તો ચોવીસીયુક્ત પ્રતિમા છે. સરસ અલગ અલગ મુદ્રાઓમાં પ્રભુના દર્શન થાય છે. માન સ્તંભમાં 2200 વર્ષ જૂનો શિલાલેખ પ્રાપ્ત થયો હતો આ બધા જ માનસ્તંભો ૨૨૦૦ વર્ષ જુના હતા જે ધ્વસ્ત થઈ ગયા હતા. ભૂકંપમાં. ફરીથી નવીનીકરણ થયું આ શિલાલેખો ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે આ કેટલી પ્રાચીન ભૂમિ રહી હશે. અહીં કાચનો ખુબ સરસ કાર્ય કરવામાં આવ્યું છે. જંબુ દ્વીપ ની રચના આખી કાચમાં કરવામાં આવી છે જે ઉપર  સીલીંગમાં જોઈ શકાય છે. કાચનું સ્થાપત્ય કરવામાં આવ્યું છે આ દેરાસરમાં કરવામાં આવ્યું છે.

આજ નાથ નગર વિસ્તારમાં એક ઘર દેરાસર છે. 1908 માં બાબુ સુખસંપત રાયજી દ્વારા નિર્મિત આ સરસ મજાનું દેરાસર છે. મૂળ નાયક વાસુ પૂજ્ય સ્વામી છે આપણે કલકત્તાના શીતલના દેરાસરની જે વાત કરી હતી એ એનું જે સ્થાપત્ય હતું કાચનું એ જ સ્થાપત્યની કળા અહીં આપણને જોવા મળે છે. મંદિરમાં મીનાકારીનું સરસ મજાનું કામ છે. જીર્ણોદ્ધારની આવશ્યકતા છે આ દેરાસર માં સરસ મજાનું સ્થાપત્ય છે આપણે જોઈ શકીએ છીએ કે બ્રિટિશ ઈન્ફીન્સ કેવો છે. અહીં જે અપ્સરાઓ દેખાડવામાં આવી છે એ પણ એમાં વેસ્ટર્નઇન્ફ્યુંશ જોઈ શકે છે ઉપરના અષ્ટમંગલો ની રચના છે અને જે ધુમતી બનાવવામાં આવી છે એ મુગલ શૈલીની છે. અહીં પણ આપણે વેસ્ટન આર્ટ જોઈ શકીએ છીએ. રાજપૂતિક ઇસ્લામિક અને ખાસ કરીને બ્રિટિશ ઈનફ્લુન્સ આ ત્રણે આપણને જોવા મળે છે. અલગ અલગ સ્થાપત્ય દ્વારા અહીં મીનાકારી નો ખુબ જ સરસ કામ કરવામાં આવ્યું છે. દરવાજામાં પણ આપણે જોઈ શકીએ છીએ કે બંગાળની પેઇન્ટિંગ આપણે જેને કહી શકાય એ આપણને દરવાજામાં જોઈ શકીએ છીએ. એમાં એ સમયના લોકો ની રહેણીકરણી કેવી હતી એના ચિત્રો દ્વારા આપણે જોઈ શકીએ છીએ.

ભાગલપુર કાચનું સ્થાપત્ય કરવામાં આવ્યું છે જિનાલય . તરફ જઈએ છીએ આપણે યાત્રા કરવી હોય તો આપણે પહેલા ભાગલપુર સ્ટેશનને ઉતરવું પડે અને પછી ત્યાંથી બધી યાત્રા કરી શકાય છે. ભાગલપુરમાં રેલ્વે સ્ટેશનની ઠીક સામે આ જીનાલય છે. જે દુગ્ગઢ પરિવાર

દ્વારા નિર્મિત હતું. 1931 માં આ દેરાસરનું નિર્માણ કરવામાં આવ્યું હતું એના મૂળ નાયક વાસુપૂજ્ય સ્વામી ભગવાન છે. ખરતરના આચાર્ય જીનવિજયેન્દ્ર મહારાજના હાથે પુનઃપ્રતિષ્ઠા પામેલ છે 1948 માં અને 2007માં આચાર્ય શ્રી વિજયમુક્તિ પ્રભ સુરીશ્વરજી મહારાજ અને એમના ગુરુ  વિજય કુંજરજી મહારાજા  દ્વારા જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. મીથીલા નગરના પ્રાચીન ચરણ પાદુકા મલ્લીનાથ પરમાત્મા અને નમિનાથ પરમાત્મા ના આ દેરાસરમાં વિદ્યમાન છે જે સમયે આ તીર્થનો લોપ થઈ ગયો હતો  અને આ ચરણ પાદુકાઓ ત્યાંથી લઈને અહીં બિરાજમાન કરવામાં આવી હતી. અને આજે પણ અહીં સુરક્ષિત રૂપે એની પૂજા અર્ચના આદિ વિધિઓ થાય છે એટલે મિથિલાથી લાવેલા પ્રાચીન નમિનાથ અને મલ્લીનાથ ભગવાનની ચરણ પાદુકોણ આપણે દર્શન કરીએ.

હવે આપણે મદારગીરી તીર્થની વાત કરીએ તો મંદારગીરી તીર્થની વાત કરીએ તો આ ભૂમિ 50 કિલોમીટર દૂર છે ચંપાપુરી થી પણ આ સ્થળ એ મુખ્ય સ્થળ છે જ્યાં વાસુ પૂજ્ય સ્વામી ભગવાનને નિર્વાણ થયું હતું એવી આ મંદારગી તીર્થ મુખ્ય છે. આપણને 18મી સદીમાં આપણને છેલ્લો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે જે સૌભાગ્ય વિજયજી મહારાજે પોતાની ચૈત્ય પરિપાટીમાં લખ્યું હતું કે એ ખૂબ સરસ કાવ્ય રૂપે લખ્યું છે,

ચંપાથી દક્ષિણ સાર રે,
ગિરિ મક્ષુદા નામ મંદાર રે,
કોશ સોલ કહે તે ઠામી રે,
તિહાં મુક્તિ વાસુપૂજ્યસ્વામી રે,
પ્રતિમા પગલાં કહિવાય રે,
પણિ યાત્રા થોડા જાય રે,
એહવી વાણી વિખ્યાત રે
કહે લોક તે દેશી વાત રે,
એ તીરથ ભૂમિ નિહારે."
(મુનિ શ્રી સૌભાગ્યવિજયજી રચિત તીર્થમાળા)

આણંદ જી કલ્યાણજી ની પેઢી તીર્થમાળા 19મી સદીમાં પ્રકાશિત થઈ એમાં પણ આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ ભૂમિ છે કે જ્યાં વાસુ પૂજ્ય સ્વામી ભગવાનનું મોક્ષ થયું હતું. સાથે સાથે વૈદિક માન્યતામાં પણ આની ખૂબ જ મહત્વ છે કેમકે તેમના અનુસાર આ ભૂમિ તે  છે સમુદ્ર મંથન થયું હતું એટલે તેઓ પણ આ ભૂમિને ખૂબ જ પવિત્ર માને છે અને 11 મી 12 મી 13 મી સદીના ખૂબ જ પ્રાચીન વૈદિક અવશેષો આ પહાડ પરથી પ્રાપ્ત થાય છે. લગભગ 200 250 300 પગથિયા ઉપર ચડ્યા બાદ આપણને પ્રભુની નિર્વાણ ભૂમિના દર્શન થાય છે. અહીં આપણે જોઈ શકીએ છીએ કે પર્વતની ટોચ ઉપર એક દિગંબર દેરાસર નું નિર્માણ કરવામાં આવ્યું છે અને ત્યાં પ્રભુના પ્રાચીન એવા ચરણ પાદુકાઓ બિરાજમાન છે. આ ખૂબ જ પ્રાચીન ચરણ પાદુકા છે એના ઉપર કોઈ શિલાલેખ આદિ આપણને મળતા નથી. જુના ત્યાં પાદુકા જ હતા પછી નુતન પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી. એની અલગ અલગ વેદીઓ બનાવવામાં આવી છે. અને ઉપરથી આપણને ખૂબ જ વિહંગમ દ્રશ્ય દેખાય છે એવા આ તીર્થની આપણે યાત્રા કરીએ. આજે શ્વેતાંબરોમાં ભુલાઈ રહ્યું છે દિગંબર યાત્રી કો અહીં હજુ પણ જાય છે યાત્રા પણ કરે છે પણ શ્વેતાંબરોમાં આ તીર્થ જાણીતું રહ્યું નથી એટલે ખાસ કરીને જ્યારે પણ આપણે ચંપાપુરી ની યાત્રાએ જોઈએ ત્યારે અવશ્ય મંદારગીરી ની સ્પર્શના કરવી જોઈએ.

હવે આપણે ખૂબ જ મહત્વપૂર્ણ એવી ઐતિહાસિક ભૂમિ રાજગૃહી તીર્થ તરફ જઈએ. આ રાજગૃહી તીર્થની આપણે વાત કરી તે સૌથી પહેલા આપણને મુનીસુવ્રત સ્વામી ની ચાર ચાર કલ્યાણક ની આ ભૂમિ છે. પ્રભુ શ્રી મહાવીર સ્વામી ના 11 ગણધરો વૈભારગીરીથી નિરવાણ પામ્યા હતા એની આ ભૂમિ રહી છે. પ્રભુ શ્રી મહાવીર સ્વામીના ૧૦ ચાતુર્માસની ભૂમિ છે અને વાસુ પૂજ્ય સ્વામીના ઉગ્ર પારણાની ભૂમિ રહી છે. પ્રાચીન મગધના રાજ્યની આ રાજધાની રહી છે અને ભાવિ તીર્થંકર શ્રેણિક બિંબિસાર ની આ રાજ્ય ભૂમિ છે.એવા પાંચ પાંચ પહાડોથી શોભાયમન આ તીર્થની યાત્રા કરીએ.

પાંચ પહાડનું કેવું મહત્વ હતું પ્રાચીન સમયમાં એ નેચરલ બેરિયર્સ હતા જે લોકોએ પોતાની રાજધાની રાજગીરીને બનાવી હતી એ આજુબાજુના પાંચ પહાડો કોટ રૂપે બની ગયા હતા. એટલે નેચરલી પ્રોટેક્શન મળતું હતું યુદ્ધ થી. જ્યારે જ્યારે મોટા રાજાઓ અહી યુદ્ધ કરવા માટે આવતા હતા તેઓને ખૂબ જ તકલીફ પડતી હતી કેમકે આ પાંચે પાંચ પહાડોથી ઘેરાયેલું હતું. આ પાંચ પહાડો વિપુલાગીરી રત્નગીરી ઉદયગીરી સુવર્ણ ગીરી વૈભારગીરી. ખાસ કરીને પહેલા અને પાંચમાં પહાડનું ખૂબ જ મહત્વ છે. આમ તો પાંચે પાંચ પહાડમાં આપણા જૈન દેરાસર છે પણ પહેલા અને પાંચમાં પહાડનું ખૂબ જ મહત્વ છે.

સૌથી પહેલા તળેટીમાં જોઈએ તો શ્વેતાંબર જીનાલય છે એનું નામ મનહ સંતુષ્ટી પ્રસાદ છે તેને નવલખા દેરાસરના નામથી પણ ઓળખવામાં આવે છે અને ગામ મંદિર નામથી પણ ઓળખવામાં આવે છે, જેનું નિર્માણ લગભગ 15 મી સદીમાં થયું હતું જીનદાસ શ્રાવક દ્વારા. મૂળનાયક પ્રભુની પ્રાચીન પ્રતિમા ની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. મુનિ સુવ્રત સ્વામી ભગવાનની ખૂબ જ પ્રાચીન પ્રતિમા જેના ઉપર 1447 નું લેખ છે. મુનીસુવ્રત સ્વામી મૂળ નાયક તરીકે બિરાજમાન છે. આ જીનાલયની ખાસિયત એ છે કે અહીં બે મૂળનાયક છે. પ્રાચીન મૂળનાયક પણ છે અને નૂતન મૂળ નાયક પણ છે. નૂતન મૂળ નાયક પાછળ બિરાજમાન છે અને પ્રાચીન મૂળનાયક આગળ બિરાજમાન છે. બંને પ્રતિમાઓ ખૂબ જ સરસ છે. નાગર શૈલીમાં બનેલું આ ખૂબ જ સરસ મજાનું દેરાસર છે લાલ પથ્થરનું અહીં ઉપયોગ કરવામાં આવ્યો છે અને 85 કળશ યુક્ત દેરાસર છે. અલગ અલગ સમયમાં 18 મી સદીમાં 19મી સદીમાં 20મી સદીમાં અહીંનો ઝિર્ણોદ્ધાર થતો રહ્યો છે અને 8007 વર્ગ ફીટ નો વિસ્તાર છે. આની ઊંચાઈ પણ ખૂબ જ અદભુત છે ભૂતળથી ધ્વજ દંડ સુધી 87 ફૂટ ઊંચું છે.

ખૂબ જ નયન રમ્ય નૈસર્ગિક વાતાવરણમાં આ સરસ મજાનું દેરાસરનું નિર્માણ થયું છે. આની પ્રતિષ્ઠા આચાર્યશ્રી કૈલાશ સાગર સૂરીશ્વરજી મહારાજા ના હાલ લેટેસ્ટ જીર્ણોદ્ધારમાં થઈ છે. સૌ પ્રથમ આપણે મૂળનાયક ભગવાન શ્રી મુનિ સુવ્રત સ્વામી બિરાજમાન છે એમના દર્શન

કરીએ. આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા 1447 માં જીનદાસ નામના શ્રાવક દ્વારા કરવામાં આવી હતી.આ માં શિલ્પના અલગ અલગ પ્રકારો છે એ વિશે આપણે થોડું જાણીએ.

સૌથી પહેલા આપણે જોઈએ તો પ્રભુના બંને તરફ હાથીઓ ઉપર દેવો આવી રહ્યા છે અને બંનેના હાથમાં કળશ છે એ કળશો લઈને તેવો પ્રભુનો અભિષેક કરવા આવી રહ્યા છે .પ્રભુ ની બંને તરફ ચામરધારી ઈન્દ્રો બનાવવામાં આવ્યા છે એના ઉપર કાવુંસઅગિયા પ્રભુ ઊભા છે એવું આપણને કલાકૃતિ જોવા મળે છે. નીચે આપણને જોવા મળે છે કે અહીં બે સિંહ છે. હાલની પ્રતિમા માં આપણે જોઈ શકીએ છીએ કે અહીં પાછળથી ઉમેરવામાં આવેલું લાંછન છે જે ચાંદીનું છે. અંદર જૂનું લાંછન છે કે કેમ એ ખબર નથી કેમકે આ ઘણા સમયથી લાગેલું છે એટલે અંદરમાં આજનું લાંછન છે કે કેમ એ ખબર નથી પણ સ્થાપત્ય ના દ્રષ્ટિથી અત્યારે વર્તમાનમાં જોઈએ તો ચાંદીનું લાંછન અત્યારે ઉપરથી લગાડવામાં આવ્યું છે. ઉપર ત્રણ છત્ર યુક્ત પ્રતિમા છે. પુષ્પ માળા લઈને આવતા દેવદેવી  છે. આ ખૂબ જ સરસ મજાની પ્રાચીન પ્રતિમા છે . અહીં પહેલા કહ્યું એમ બે મૂળ નાયક પ્રભુની પ્રતિમાઓ છે આગળના મૂળનાયક પ્રથમ અને પાછળમાં નવા મૂળનાયક ની પ્રતિમા છે નવા મૂળનાયક ભગવાનની પ્રતિમા ની પ્રતિષ્ઠા 19 61 માં આચાર્ય શ્રી કૈલાશ સાગર સૂરી દ્વારા પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. નવ ફૂટ અને એક ઊંચી એક ઇંચ ઊંચી આ મુનિસુવ્રત સ્વામી ભગવાનની શામવરણીય સરસ મજાની આ પ્રતિમા છે . આ દેરાસરની ખાસિયત એ છે રાજગીરી ના પાંચ પહાડો છે પાંચે પાંચ પહાડો માં પ્રાચીન જીનાલયો બિરાજમાન છે અને એમાં પ્રાચીન જીન પ્રતિમાઓ બિરાજમાન હતી. આ હાલમાં જે જીર્ણોદ્ધાર થયા ત્યારે પ્રાચીન પ્રતિમાઓને ઉપરથી નીચે લાવ્યા અને આ દેરાસરમાં અહીં સ્થાપના કરવામાં આવી. સૌથી પહેલા આપણે જોઈ શકીએ છીએ ભગવાનની બંને બાજુએ પ્રભુ બિરાજમાન છે ડાબી તરફ આદિનાથ પ્રભુની પ્રાચીન પ્રતિમા છે જે 1447 માં નિર્માણ પામી. ચોથા પહાડ સુવર્ણ ગીરી પર્વત ઉપરથી લાવેલા છે. અત્યારે ત્યાં આદિનાથ ભગવાનની નવી પ્રતિમા બિરાજમાન છે. આમાં પણ આપણે વિશિષ્ટ શિલ્પકળા જોઈ શકે છે. પદ્માસનમાં આપણને બે પ્રતિમાઓ જોવા મળે છે જે ચામરધારી ઈન્દ્રો છે. નીચે સિહોની બે શિલ્પાકૃતિ છે, બંને તરફ શ્રાવક શ્રાવીકાઓના દર્શન થાય છે. બીજી

પ્રતિમા બીજી તરફ શાંતિંનાથ પ્રભુની પ્રતિમા છે જે બીજા પહાડ રત્નગીરી પર્વત થી લાવેલા છે. એ જ કાળમાં નિર્મિત પ્રતિમા છે. અહીં શયન કરતા દેવીના દર્શન થાય છે. અહી ખુબ જ સરસ મજાના નયન રમ્ય પ્રથમ તીર્થ અધિપતિ આદિનાથ ખૂબ જ સરસ 14મી સદીની પ્રાચીન પ્રતિમા છે જટાયુક્ત પ્રતિમા છે. એનું અદભુત ઉષનિષણ બનાવ્યું છે એ અહીં આપણે જોઈ શકાય છે. એમાં પદ્માસનમાં રહેલા પ્રભુ છે તો પભાષણમાં બે ઋષભનું અંકન કરવામાં આવ્યું છે. ઋષભ ની વચ્ચે અહીં ચાર હાથ વાળી દેવી છે એ  કદાચ ચકેશ્વરી દેવી હોઈ શકે એ આપણે સ્પષ્ટ રૂપે નથી કહી શકતા એક અનુમાન લગાવી શકીએ છીએ. અહીં શ્રાવક પ્રભુની અર્ચના કરી રહ્યા છે એવી સરસ મજાની શિલ્પ આકૃતિ બનાવેલી છે. પ્રભુની બન્ને બાજુ ચામરધારી ઈન્દ્રો છે મસ્તકની બંને તરફ પુષ્પ માળા લઈને આવતા દેવો છે. એટલે આ બધા કોમન સ્થાપત્યો આપણને દેખાય છે. પ્રભુની મસ્તક ની પાછળ ભામંડળ છે અને અહીં એક પ્રાચીન લેખ પણ પ્રાપ્ત થયો છે.

ત્રીજા પહાડ ઉદય ગીરી થી લાવેલા એવા સરસ મજાના પાશ્વનાથ પ્રભુના દર્શન કરીએ. ખુબજ પ્રાચીન  ગુપ્તકાળના લગભગ પાંચમી છઠ્ઠી સદી આસપાસના આ સરસ નયનરમ્ય પ્રતિમાજીના દર્શન કરીએ. સાત ફણાયુક્ત ઉન્નત મસ્તક છે અને પ્રભુની બંને બાજુ આપણે જોઈ શકીએ છીએ સર્પ ના ચોટલા બનાવવામાં આવ્યા છે અને પ્રભુનું સિંહાસન પણ આપણે જોઈએ તો તો એ પણ સર્પોનું છે. ખૂબ જ યુનિક દ્રષ્ટિથી આ સરસ મજાની પ્રતિમા અહીં સ્થાપિત કરવામાં આવી છે જે એક સમયમાં ઉદય ગીરીના પહાડો માં બિરાજમાન હતી. આ દેરાસરનું જે ભોઇરુ છે બસ મજાનું ગોલ્ડન ટેમ્પલ બનાવવામાં આવ્યું છે એને સુવર્ણ કાચ મંદિર કહેવામાં આવે છે. એમાં કાચ ગોળ ગોળ ચારે તરફ લગાડવામાં આવ્યા છે અને એવી સરસ રચના કરવામાં આવી છે કે એ કાચમાં આપણે જોઈએ તો બધા જ કાચમાં મહાવીર સ્વામી ભગવાનની સરસ મજાની પ્રતિમાના દર્શન થાય છે. પ્રભુના અહીં આટલા આટલા ચાતુર્માસો થયા છે એમની સ્મૃતિમાં ખૂબ જ હસમુખી નયન રમી એવી સરસ મજાની પ્રભુની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. આચાર્ય જય વિજય કુંજન મહારાજ દ્વારા અને આચાર્ય મુક્તિ પ્રભ સૂરીશ્વરજી મહારાજ દ્વારા ૨૦૦૭-૮મા કરી હતી.

શ્વેતાંબર જિનાલયથી આગળ વધતા વધતા હવે દિગંબર લાલ મંદિર તરફ જઈએ. આ પણ તળેટીમાં સ્થિત છે. અહીં રાજસ્થાની ચિત્રકલા નું સરસ મજાનો ઉપયોગ કરવામાં આવ્યો છે દેરાસર ને હવે લગભગ 100 વર્ષ પૂર્ણ થશે અને પહાડ ઉપર ખાસ કરીને વિપુલાચલગીરી જે પહેલો પહાડ છે એમાં જેટલા પણ પ્રાચીન અવશેષો પ્રાપ્ત થયા છે તે અહીં સંગ્રહિત કરીને રાખવામાં આવ્યા છે. બાકી અહીં નુતન પ્રતિમાની વાત ન કરતા પ્રાચીન પ્રતિમાની વાત કરીએ તો અહીં સરસ મજાની પ્રતિમાઓનો સંગ્રહ છે. જેમાંની કેટલી પ્રતિમાઓ અહીં જોઈ શકાય છે. એમાં ખાસ કરીને એક શિલ્પ એવું છે અહીં માતા પદ્માવતી સાથે જે મુનિસુવ્રત સ્વામી ભગવાનના માતા હતા એમની સાથે ભગવાનનું શિલ્પ બનાવવામાં આવ્યું છે. બાકી અનેક અનેક પ્રાચીન આપણને ૧૪મી સદીના 15 મી સદીના શિલ્પ અહીં શતાબ્દીના શિલ્પ અહીં દેખાવમાં આવી રહ્યા છે એક સમયમાં ઉપરમાં જે સ્તુપો હતા એના જેટલા પણ શિલ્પો હતા એ આજે અહીં વિદ્યમાંન છે.

તળેટીમાં દેરાસરના દર્શન કર્યા બાદ હવે આપણે પહાડની યાત્રાએ જોઈએ. અહીં પણ બહુ એક સરસ વાત છે કે ત્યાં તને આપણે ટાંગામાં બેસીને જવું પડે છે. એક મોનોપોલી છે ત્યાંના લોકોની એમાં જ આપણે સફર કરવો પડે જેથી લોકોની આજીવિકા બરકરાર રહે એ હિસાબે આ વ્યવસ્થા ત્યાં સચવાયેલી છે.

હવે આપણે વિપુલાચલગીરી પહાડની યાત્રા કરીએ શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ છે કે એક સમયમાં અહીં ગુણશીલ ચૈત્ય હતું અને ત્યાં પ્રભુ શ્રી મહાવીર સ્વામી ભગવાનના સમોસરણ રચાયા હતા. ખાસ કરીને દિગંબર પરંપરામાં માન્યતા છે કે આ ભૂમિમાં પ્રભુ શ્રી મહાવીર સ્વામી ભગવાને પહેલી દેશના આપી હતી. આપણા અનુસાર રુજૂવાલીકા તીર્થમાં આપી હતી પણ દિગંબર માન્યતા અનુસાર અહીં પ્રથમ દેશના થઈ હતી. 14 મી સદીમાં અહીં વચ્છરાજ દેવરાજ દ્વારા પાશ્વનાથ ભગવાનના એક સરસ મજાના વિશાળ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું એનો શિલાલેખ આજે પણ ગામની ના મંદિર નવલખા મંદિર માં સચવાયેલ છે .17મી સદીમાં આનો જીર્ણોદ્ધાર થયો સંઘવી સંગ્રામ ચોપડા દ્વારા. 18 મી સદીમાં રાય બહાદુર એ

પણ એને પુનર્જિત કર્યો . દુઃખની વાત એ છે કે આજે આમાંથી કોઈ પણ પ્રતિમાઓ હાજર નથી આ બધી પ્રતિમાઓ એક પણ નથી. 17મી સદીમાં ઉલ્લેખ મળે છે કે આ પર્વત ઉપર છ જિનાલય હતા 18 મી સદીમાં આઠ જિનાલય હતા આટલા બધા આપણને ઉલ્લેખો પ્રાપ્ત થાય છે પણ આજે એના કોઈપણ અવશેષો વિદ્યામાં નથી. તો વિપુલાચલગીરી આપણે પ્રારંભ કરીએ પહાડના માત્ર 250 પગથિયાં ચડીએ ત્યાં અઈમુત્તામુનિનું મંદિર આવે છે એમની અને ગંધક મુનિની આ નિર્વાણ ભૂમિ છે એમનું કેવું કેવળ જ્ઞાન થયું હતું કે ઈરીયાવહી સૂત્ર બોલતા બોલતા એ કેવળ જ્ઞાનને પામી ગયા એવી આ અદભુત ભૂમિ છે. 18 મી સદીમાં વાચક શ્રી અમૃત ધર્મ વિજય જી મહારાજ દ્વારા એમની પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું. આ ફોટો આપણે અહીં જોઈ શકીએ છીએ નાનકડો ફોટો છે શ્યામવરણીય પ્રતિમા છે એ પ્રતિમા નું અહીં નિર્માણ કરવામાં આવ્યું હતું અઈમુત્તામુનિનું. તેઓ કાયોત્સર્ગ મુદ્રામાં ઊભા છે. હાથમાં ઓઘો છે મૂહપતિ છે. આ બહુ પ્રાચીન શિલ્પ હતું પણ કાળના સમયમાં ખૂબ જ જીર્ણ થઈ ગયું હતું એટલે ત્યાંથી લઈને ગામ મંદિરમાં વર્તમાનમાં બિરાજમાન કરવામાં આવ્યું છે. એની સ્થળે નૂતન પ્રતિમાજી નું નિર્માણ કરવામાં આવ્યું છે જેની 1991 માં આચાર્ય ચંદ્રોદયસુરીશ્વરજી મહારાજ દ્વારા આકા કરવામાં આવી હતી અંજન શલાકા કરવામાં આવી હતી અને 2008માં આચાર્ય મુક્તિ પ્રભ સૂરીશ્વરજી મહારાજ દ્વારા અહીંનો જીર્ણોદ્ધાર થયો હતો. અહીં પહેલી ડેરી આવે છે અહીં અઈમુત્તામુનિની ડેરી.

માત્ર 50 પગથિયા થી ઉપર ચડીએ તો આપણને નૂતન દેરાસર ના દર્શન થાય છે જ્યાં મુનિ સુવ્રત સ્વામી ભગવાન બિરાજમાન છે. આપણે જેટલા પણ દેરાસરની વાત કરશું એમાં એનો છેલ્લો ઉદ્ધાર 2008માં મુક્તિ પ્રભા સૂરીશ્વરજી મહારાજ દ્વારા કરવામાં આવેલ છે. સમસ્ત પાંચે પાંચ પહાડના જેટલા પણ જિનાલઈ હતા એ બધાનો જીર્ણોદ્ધાર તેમણે કર્યો હતો તેમના વરદ હસ્તે તેમના નિશ્રામાં. આ જીનાલયની પ્રતિષ્ઠા નંદપ્રભા પરિવાર દ્વારા કરવામાં આવી હતી. આ પ્રતિમા સાથે અહીં પ્રાચીન 2 ચરણ પાદુકાઓ પણ બિરાજમાન છે. મહાવીર સ્વામીના સ્મરણમાં એક સમોસરણ આકારનું દેરાસર બનાવવામાં આવ્યું છે. આ પર્વત ઉપર કુલ ત્રણ દિગંબર દેરાસરો છે બે નાની નાની ડેરીઓ છે. આ મોટું દેરાસર છે સમોસરણ

આકારનું નુતન દેરાસર છે. એમાં પ્રાચીન પ્રતિમાઓ પણ સંગ્રહિત કરીને રાખવામાં આવેલ છે. એમાં આપણે દર્શન કરી શકીએ છીએ કે સદીની મહાવીર સ્વામીની પ્રતિમા ના દર્શન કરીએ.

પહેલા પહાડથી બીજા પહાડ નો રસ્તો નીકળે છે હવે આપણે રત્નગીરીની યાત્રા કરીએ. 300 પગથિયા ઉતરીને અઢીસો પગથિયાં નું આરોહણ કરીને આપણે રત્નગીરી પર્વત તરફ પહોંચ્યા. ત્યાં ચતુર્મુખી જિનાલયમાં ચંદ્રપ્રભુ સ્વામી બિરાજમાન છે. આપણે ગામના મંદિર દર્શન કર્યા એ શાંતિનાથ પરમાત્માના જે આ ગિરીથી લાવેલા હતા આજે અહીં મૂળ નાયક સાથે ચતુર્મુખી પ્રતિમા ચંદ્રપ્રભ સ્વામીની બિરાજમાન છે. અહીં પણ 16 મી 17 મી સદીમાં અલગ અલગ ગુરુ ભગવતો અહીં આવ્યા હતા. એમણે ઉલ્લેખ કર્યો હતો 16મી સદીમાં અહીં ઋષભદેવ ભગવાનના જીનાલય નો ઉલ્લેખ હતો. 17મી સદીમાં બે જીનાલય નો ઉલ્લેખ હતો અને અંત સુધી ત્રણ જિનાલય હતા એટલે અત્યારે માત્ર ને માત્ર એક જિનાલય વિદ્યમાન છે. અને 18મી સદીમાં હુબલીના માણેકચંદજી દ્વારા જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. એમણે પ્રાચીન ચરણ પાદુકાઓની સ્થાપના કરી હતી એ આજે પણ વિદ્યમાંન છે. અહીં આપણે જોઈ શકીએ છીએ કે પહેલા પહાડથી બીજા પહાડ જવાનો રસ્તો છે. અહીં રત્નગીરી પહાડ ઉપર ચંદ્રપ્રભસ્વામીના નાના ચતુર્મુખી દેરાસર આપણને દર્શન થાય છે.

રત્ન ગીરીથી દોઢ કિલોમીટર દૂર ઉદય ગીરી છે એટલે આપણે પૂરેપૂરું ઉતરી જવું પડે અને ઉદય ગીરી તરફ જવું પડે. પેલો બીજો અને પાંચમો પહાડ જ્યારે પણ જવું હોય તો એનો કોઈ પણ રોકટોક નથી આપણે ક્યારે પણ જોઈ શકીએ છીએ પણ ત્રીજો અને ચોથો પહાડ ઉદય ગીરી અને સુવર્ણ ગીરી ઉપર જવું હોય તો આપણને પેઢીની પરમિશન લેવી પડે તેઓ સાથે એક વ્યક્તિને મોકલે છે એ આપણી સુરક્ષા માટે સાથે રહે અને તેઓ એક સમય બધની અંદર આ પહાડ ની યાત્રા કરવી પડે. અહીં શિખર સુધિ પહોંચવા માટે ખૂબ અગત્યનું આરોહણ કરવું પડે. અહીં શામળિયા પાર્શ્વનાથ ભગવાનનું સરસ મજાનું જીનાલય છે નુતન શામળીયા પાશ્રવનાથ ભગવાન બિરાજમાન છે. અહીં પ્રાચીન કાળમાં પાછળ પાશ્રવનાથ ભગવાન

ઋષભદેવ અભિનંદન સ્વામી શાંતિનાથ ભગવાન અને આ બધાની બિરાજમાન હતા અને 16 મી સદી સુધી આપણને ઉલ્લેખ મળે છે ચૈત્ય પાર્ટીઓમાં કે અહીં ચતુર્મુખી મંદિર હતું. જે અહીં આજે વિદ્યમાંન નથી. અહીં જોઈ શકીએ છીએ કે બે પ્રાચીન ચરણ પાદુકા વિદ્યમાન છે અને શામળિયા પાશ્ર્વનાથ ભગવાનની નૂતન પ્રતિમા બિરાજમાન છે એને આપણે દર્શન કરીએ.

હવે આપણે સુવર્ણગીરી તરફ જઈએ. અહીં પણ એક હજાર અને 61 પગથિયાં છે આ ચઢાણ કર્યા બાદ ચડ્યા બાદ આદિનાથ પરમાત્માનું દર્શન થાય છે. 16મી સદીમાં જય કીર્તિજી દ્વારા અહીં છ જિનાલય હતા એવો ઉલ્લેખ મળે છે. શરૂઆતમાં આપણને પાંચ જિનાલય અને 20 પ્રતિમાનો ઉલ્લેખ મળે છે અને 17મી સદીના અંત સુધી અહીં 16 જીનાલય નો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે એટલે અલગ અલગ સમયમાં કેટલા જિનાલયનો અહીં નિર્માણ થયા હતા હર પહાડમાં આપણને આ ઉલ્લેખ અલગ અલગ રીતે પ્રાપ્ત થાય છે. એક સમયમાં ખૂબ જ જાહોજલાલી હતી અહીં એ આ ઉલ્લેખો તો સમજી શકાય છે.

હવે આપણે સૌથી મહત્વના પહાડ એવા વૈભારગીરી પહાડ પર જઈ રહ્યા છીએ. આપણે ચૈત્ય વંદનમાં તો ઘણીવાર બોલતા હોઈએ છીએ એવા વૈભારગીરી જ્યાં મહાવીર સ્વામી ભગવાનની કેટલી કેટલી વાર દેશના થઈ હતી, જે ભૂમિ મહાવીર સ્વામી ભગવાનની વાણીથી કેટલી પવિત્ર થઈ છે એવી આ ભૂમિ છે, એ મુનિસુવ્રત સ્વામી ભગવાનની કેવળ ભૂમિ પણ છે અને 16 મી સદીમાં હંસ સોમ વિજયજી મહારાજે અહીં ઉલ્લેખ કર્યો છે કે અહીં 24 24 જિનાલય હતા. આજે પણ અહીંના ટોચ ઉપર જિનાલય છે એની અંદર 11 ગણધર ભગવંતોની ભૂમિ નિરવાણ ભૂમિ ચરણ પાદુકાઓ બિરાજમાન છે. આ એ જ ભૂમિ છે કે મહાવીર સ્વામી ભગવાનના જેટલા પણ ગણધરો 11 ગણધરો ભગવતો અહીંથી મોક્ષે ગયા છે. આપણે અગાઉ જેમ વાત કરી કે એક સમયમાં 25 જીનાલય હતા એટલા બધા દેરાસર યુક્ત આ પર્વત હતો. આજે પણ છ શ્વેતાંબર અને ત્રણ દિગંબર મંદિર આ પર્વત ઉપર સ્થિત છે જેની આપણે યાત્રા કરીશું.

યાત્રાનો પ્રારંભ થાય છે બ્રહ્મકુંડ થી આ વૈદિક પરંપરા નું મંદિર છે, એની ખાસિયત એ છે કે અહીં 13 ગરમ પાણીના કુંડ છે આ સલ્ફર યુક્ત પાણી છે. જે નેચરલી ગરમ હોય એની ખાસિયત એ છે કે અહીંના પાણીમાં નહાવાથી ચામડીના બધા રોગ દૂર થાય છે કેમકે એમાં સલ્ફરનું પ્રમાણ વધારે છે હાઈ છે. આગળ જઈએ તો જરાસંઘ નો અખાડો આવે છે. ગુફા જેને કહેવાય છે આ સ્ટ્રક્ચરની અંદર નાની-નાની ઘણી બધી ગુફાઓ છે. અહીં એવો ઉલ્લેખ છે કે ગૌતમ બુદ્ધ અહીં ઘણીવાર પધાર્યા છે અને અહીં સાધના કરી હતી. આગળ ઘણા બધા પગથિયા પાર કર્યા પછી આપણને ગુપ્તકાલીન પ્રાચીન મંદિરના અવશેષ પ્રાપ્ત થાય છે કે જેને કહી શકાય કે આખા આખા સમસ્ત રાજગીરીમાં પુરા તાત્વિક દ્રષ્ટિએ સૌથી મહત્વના પૂર્ણ કોઈ સ્થાન હોય તો આ છે. એની અંદર ગુપ્ત કાળનું આ પ્રાચીન મંદિર છે. આજના દિવસે આરકયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા ના અંતર્ગત છે. અહીં ઘણી બધી પ્રાચીન પ્રતિમાઓ અને શિલ્પો ના અવશેષો છે જેનું આપણા આઈકોનો ગ્રાફી માટે બહુ મહત્વ છે કેમકે સૌથી પહેલી લંછન યુક્ત પ્રતિમા અહીંથી પ્રાપ્ત થઈ હતી .આગળ આપણે જોયું કે એક મૂર્તિમાં આપણને પ્રતિમા શયન કરતી સ્ત્રી પ્રભુના પભાસણમાં જોવા મળેલ. એ કોણ હતી તો અહીં પણ એક એવી પ્રતિમા છે શયન કરતી મુદ્રામાં બહુરૂપીણી યક્ષી ની પ્રતિમા છે. આ પાલકાલની અંદરમાં લગભગ હજાર વર્ષ પહેલા આ સ્થાપત્ય ની ખૂબ ઈમ્પોર્ટન્ટ લાક્ષણિકતા હતી. એ સમયમાં ઘણી બધી પ્રતિમાઓની અંદર આ યક્ષની પ્રતિમાઓ તીર્થંકર પરમાત્મા ના પબાસણ નીચે કંડારવામાં આવતી હતી. સૌથી વેભારગીરીનું સૌથી મહત્વનું શિલ્પ સૌથી પહેલી લંછન યુક્ત પ્રતિમા છે એ પાંચમી સદીની છે. એની અંદર શિલાલેખ પણ છે જે ચંદ્રગુપ્ત બીજા હતા ગુપ્તકાળના એમના નામનો શિલાલેખ અહીં પ્રાપ્ત થાય છે અને સૌથી નેમીનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા છે બે આપણે જોઈ શકીએ છીએ શંખ આકાર ના ચિહ્ન બનાવવામાં આવ્યા છે. જેટલા પણ સંશોધકો છે એમનું માનવું છે કે આ સૌથી પ્રાચીન પ્રતિમા છે જેની અંદર આપણને લંચન જોવા મળે છે આગળ બીજી પ્રતિમાઓમાં જઈએ તો આપણને ગણિત પ્રાચીન અલગ અલગ પ્રતિમાઓ જોવા મળે છે એમાં ખાસ કરીને યક્ષિની પ્રતિમા જોવા મળે છે. મુનિ સુવ્રત  સ્વામી ભગવાનની આ પ્રાચીન પ્રતિમા એમાં ધર્મચક્ર બહુ રુપી યક્ષીનું સરસ મજાનું શિલ્પ જોવા મળે છે. અહીં તકિયો પણ બનાવેલો છે એક નાનામાં નાની

ઝીણવટ સાથે બનાવેલ છે કે તેઓ શયન મુદ્રામાં છે. આ  કેમ કરવામાં આવ્યું હતું એ હજુ પણ એક કોમ્પ્લેક્સ છે એનો કોઈ ક્લિયર આન્સર નથી કે આવું કેમ કરવામાં આવતું હતું પણ શિલાલેખ પ્રાપ્ત થાય છે કે આ બહુરૂપીણી યક્ષી છે. આદિનાથ ભગવાનની જટાયુક્ત પ્રતિમા આપણને જોવા મળે છે,શાંતિનાથ ભગવાન ની પ્રતિમા જોવા મળે છે.. નીચેના ગામના દેરાસરમાં આ પ્રતિમા આપણને જોવા મળે છે સેમ શિલ્પ સ્થાપત્યવાળી હતી એનું વર્તમાનમાં નીચે પૂજા થાય છે એ એસ આઈ ના અંદર માં હોવાથી કોઈને મળી નથી.

અહીંથી આગળ વધતા વધતા આપણને 565 પગથિયા પછી પાશ્ર્વનાથ ભગવાનના જીનાલય ના દર્શન થાય છે આ સૌથી પહેલું જિનાલય કહી શકાય આ વૈભારગીરીમાં. અહીં 19 મી સદીમાં શાંતિનાથ ભગવાનની પાદુકા સ્થાપિત કરવામાં આવી હતી. 19મી સદીમાં નેમિનાથ ભગવાનની ચરણ પાદુકા સ્થાપિત કરવામાં આવી હતી. અહીં આપણે જોઈ શકીએ છીએ કે વચ્ચે નુતન પાશ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે અને સાથે સાથે બંને પ્રાચીન ચરણ પાદુકાઓ જે જિનમહેન્દ્રસુરી એ સ્થાપિત કરી હતી 1855 માં અને બીજી છે 1844 જે શાંતિનાથ ભગવાનની પ્રાચીન ચરણ પાદુકા સ્થાપિત છે એને આપણે દર્શન કરી શકીએ છીએ.

અહીંનું બીજું છે દેરાસર છે આપણે જોઈએ તો એની શિલ્પકલા આપણે જોઈએ તો આપણને એ મસ્જિદ જેવું દેખાય છે ઘુમ્મટ આકારનું એટલે એ સમયે મુઘલ સ્થાપત્ય હોઈ શકે અને તેના અનુરૂપ આ જિનાલય નું નિર્માણ કરવામાં આવ્યું હોય.જ્યારે જ્યારે જીર્ણોદ્ધાર થયો ત્યારે પણ શિલ્પને પણ ઇનટેક રાખવામાં આવ્યો. આ તેની ખાસિયત છે. આ જિનાલયના શિલાલેખ આપણને પ્રાપ્ત થાય છે  1607 માં એટલે કેટલું પ્રાચીન દેરાસર છે એ આપણે સમજી શકીએ છીએ. મુગલ કાલની જે કળાની જે છટા છે . અહીં મહાવીર સ્વામી બિરાજમાન છે પ્રભુના આટ આટલ  સમોસરણ અહીં રચાયા હતા તેના સ્મૃતિરૂપ આ દેરાસર નું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં પ્રાચીન ત્રણ ચરણ પાદુકાઓ પણ બિરાજમાન છે જે 19 મી સદીની છે. આગળ મુનીસુવ્રત સ્વામી નું જિનાલય આવે છે આ અહીંનું સૌથી મોટું દેરાસર છે અને બડા મંદિરના નામથી આ પ્રસિદ્ધ છે. આ 19 મી સદીમાં મૂળનાયક મુનિસુવ્રત સ્વામી ભગવાનની

અહીં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આની ખાસિયત એ છે કે અહીં નવો પદના નવ સ્તરની કલ્પના કરતા હોય એવા નવ શિખરો એકની ઉપર એક એમ આ નવશિખર યુક્ત દેરાસર છે. આનો પણ 2008 માં છેલ્લે જીર્ણોદ્ધાર થયેલો છે.

આગળ વાત કરીએ તો અહીં ધનાશાલીભદ્રનું મંદિર છે એમ કહીએ તો આ દેરાસર બહુ જ પ્રાચીન છે આનો ઉલ્લેખ આપણને પ્રાપ્ત થાય છે. 1468 માં આજે આ દેરાસર નિર્માણ પામ્યું હતું એમના છીત મનજી શ્રાવક દ્વારા. આપણે  જોઈ શકીએ છીએ કે જૂની ભાષાની પ્રતિમા શામવરણીય પ્રતિમાની અહીં સ્થાપના કરવામાં આવી છે, જેમાં ધનના અને શાલીભદ્રને અંકિત કરવામાં આવ્યા હતા. તેઓ બંને અહીંથી અનશન કરી અને મોક્ષે પધાર્યા હતા. આ ખૂબ જ જીર્ણ થઈ ગયા હોવાથી એને ગામ મંદિરમાં નીચે લઈને આવ્યા છે અને ઉપર નવા સ્થાપત્યની સ્થાપના થઈ છે. 1958માં શ્વેત વરણીય નવી પ્રતિમા ની સ્થાપના થઈ છે અને 2008માં પણ મહાવીર સ્વામી ની પ્રતિમા સાથે બંને ધન્ના અને શાલીભદ્ર મુનિવેશે સરસ મજાની પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી છે .પર્વતની ટોચ પર જ્યાં ગૌતમ સ્વામી સહિત 11 પ્રભુ મહાવીર સ્વામી ભગવાનના ગણધર મોક્ષ ગતિએ ગયા હતા એમાં વૈભારગીરીની ટોચ પર એની ટૂંક છે. આ 18મી સદીમાં લગભગ જગતરાય મહેતા શેઠ દ્વારા અહીં ચરણ પાદુકાની સ્થાપના કરવામાં આવી છે 1926 માં આનું જે રણકદાર જીર્ણોદ્ધાર થયો હતો કલકત્તાના જોહરી સારનાથ તાંબી દ્વારા 2008માં છેલ્લો જીર્ણોદ્ધાર થયો. અહીં જોઈ શકીએ છીએ કે પ્રાચીન ચરણ પાદુકા ડાબી તરફ  11 ગણધર ભગવંતોની પ્રાચીન ચરણ પાદુકાઓ જગત શેઠ દ્વારા ભરાવેલી અને નવી 2008 માં ભરાવેલી પ્રતિમા બંનેના દર્શન આપણે કરી શકીએ છીએ. વચ્ચે ગૌતમ સ્વામી અને સાથે સાથે 11 ભગવાનતો અને ઉપર મહાવીર સ્વામી આ સમસ્ત રચના અહીં કરવામાં આવી છે.

અહીંથી જ્યારે આપણે ઉતરી રહ્યા છીએ ત્યારે આપણને સોન ભંડાર ગુફાના દર્શન થાય છે આ ગુફા 34 ફૂટ લાંબી અને ૧૭ ફૂટ પહોળી છે. આપણી મૌર્ય કાળની જેટલી પણ ગુફાઓ એમાં એક મૌર્યન પોલીશ જોવા મળે છે એ અંદરથી ખૂબ જ પોલીશ હોય એવી જ અહીં આ

કલાકૃતિમાં જોવા મળે છે. લોકવાયકા એવી છે કે અહીંની બંધ દીવાલની પાછળ શ્રેણિક રાજાનો ગુપ્ત ભંડાર છે પણ લેખ મુજબ આ ચોથી સદીમાં નિર્મિત આચાર્ય  ભૈરવદેવ નામના જૈન શ્રમણ જેટલા પણ શ્રમણ ભગવંતો અહીં સાધના કરવા આવતા હતા તેમના ઉપયોગ માટે નિર્માણ કરવામાં આવી હતી. અહીં દીવાલો પર પદ્મપ્રભુ સ્વામી પાર્શ્વનાથ પ્રભુ મહાવીર સ્વામી ભગવાન અને અન્ય તીર્થંકર ભગવાન તો ની પ્રતિમા પણ અંકિત કરવામાં આવી છે. બહારની દિવાલ પર પણ ધર્મચક્ર અને ત્રીજી ચોથી સદીનું પાલી અને સંસ્કૃતિ મિશ્રણ માં શ્લોક જોવા મળે છે. આગળ જોઇએ તો આ જે શ્લોક છે એ ગુપ્ત લિપિમાં દેખાય છે. એ સમયમાં એમણે લખેલું છે કે આ ચોથી સદીનો શિલાલેખ છે જે મુનિ ભૈરવદેવ રત્નના ભંડાર છે,ગુણો ના ભંડાર છે  વૈભાર ગીરી પર આ મુનિની સાધના માટે આ ગુફા નું નિર્માણ કર્યું હતું. એ સમયમાં અહીં કેટલી કેટ કેટલા મુનિભગવતો એ અનશન કરીને પોતાની સાધના કરી હશે એનો આપણે વિચાર કરી શકીએ છીએ અને 19 મી સદીમાં જ્યારે અહીં ઉત્ખનન થઈ રહ્યા હતા અહીં એક ચતુરમુખી પ્રતિમા પણ હતી. જે આજે હાલમાં વિદ્યમાન નથી. આ ચોરી થઈ ગઈ છે એ ક્યાં ગઈ છે ખબર નથી પણ એક સમયમાં ખૂબ જ આ જાહોજલાલીનું વિસ્તાર હશે એ આપણે વિચારી શકીએ છીએ.

સાથે સાથે અન્ય ઐતિહાસિક સ્થળ છે રાજગીરીમાં મણિયાર મઠ જે આપણી લોકવાયકા મુજબ શાલીભદ્ર દ્વારા જેટલી પણ વાપરેલી વસ્તુઓ હતી એ અહીં ફેંકી દેવામાં આવતું હતું બીજા દિવસે. અહીંથી પ્રાચીન શાલીભદ્રની ચરણ પાદુકા પણ પ્રાપ્ત થઈ છે જે હાલ પટના મ્યુઝિયમ માં બિરાજમાન છે.અજાત શત્રુનો સ્તૂપ છે જ્યાં જેમાં શ્રેણિક બિમ્બીસાર ને પૂરી દેવામાં આવ્યા હતા. એ ભૂમિ પણ છે પછી મૌર્ય કાળ થી પણ પ્રાચીન એવા 3000 હજાર વર્ષ પ્રાચીન કિલ્લાના દીવાલો આજે પણ છે. ગીધ્રફૂટ પર્વત જેમ વૈભારગીરી મહાવીર સ્વામીની દેશનાની ભૂમિ છે એમ કહી શકાય ગૌતમ સ્વામી ભગવાનની ભૂમિ ગિધ્રકુટ પર્વત કહી શકાય ત્યાં પણ ખૂબ જ પ્રાચીન સ્તૂપ છે. વેણુ વન કે જ્યાં શ્રેણિક બીબીસારે બુધને વાંસના વનની ભેટ આપી હતી અને જેના તળાવમાં ગૌતમ બુદ્ધ રોજ નહાતા એ વેણુ વન નો વિસ્તાર છે. તે પ્રાચીન ભૂમિ ના આપણે દર્શન કર્યા. અલગ અલગ જૈન ધર્મ સાથે જોડાયેલી અને અન્ય ધર્મો સાથે

પણ જોડાયેલી આ રાજગીરીની ભૂમિ છે ત્યાંથી આગળ વધતા આપણે કુંડલપુર ની યાત્રા કરીએ જે રાજગીરીથી એકદમ જ નજીક છે અને લગભગ 16 કિલોમીટર દૂર છે. એક સમયમાં આ રાજગીરીનું ઉપનગર હતું અહીં મહાવીર સ્વામી ભગવાનના ત્રણ ત્રણ ચાતુર્માસ થયા છે. પ્રાચીન કાળમાં જોઈએ તો ગુબ્બગામ નાલંદાપાડા આ અલગ અલગ નામોથી તેનો ઉલ્લેખ મળે છે. આજે આ ભૂમિ વર્લ્ડ ફેમસ છે ત્યાં નાલંદા યુનિવર્સિટી ની સાઈટ છે.

સૌથી પહેલા આનું ઈમ્પોર્ટન્સ એ હિસાબી પણ જોઈ શકીએ છીએ કે ભગવાન મહાવીરના ત્રણ ગણધરો એટલે કે ગૌતમ સ્વામી, અગ્નિપભૂતિ અને વાયુભૂતિ આ ત્રણની જન્મભૂમિ રહી ચૂકી છે. ભગવાન મહાવીર અને ગૌશાલકનો મેળાપ પણ આજ ભૂમિ પર થયો હતો. આજ કુંડલપુર તીર્થની આપણે વાત કરીએ તો ગૌતમ સ્વામી દ્વારા સૂત્ર કૃતાંગ સૂત્ર માં નાલદીય અધિનિયમ અધ્યયન રચના પણ અહીં કરવામાં આવી હતી. ગૌતમ બુદ્ધના શિષ્ય શૌરીપુત્રનો નો જન્મ અને નિરવાણ પણ અહીં જ થયો હતો અને કુમારગુપ્ત દ્વારા બૌદ્ધ સાધુઓ માટે એક નાનકડા મઠનું નિર્માણ થયું હતું એ આગળ જતા વિશ્વ પ્રસિદ્ધ નાલંદા યુનિવર્સિટી બની, જેને નાલંદા વિશ્વવિદ્યાલય કહે છે. જેના અવશેષો આજે પણ આપણને જોવા મળે છે. આનો સંપૂર્ણ ધ્વંશ 13મી સદીમાં બખતિયાર ખીલજી દ્વારા કરવામાં આવ્યો હતો. 14 માં સદીકામાં આપણને આચાર્ય જીન પ્રભ સૂરીશ્વરજી મહારાજનું ઉલ્લેખ પ્રાપ્ત થાય છે તેઓએ લખ્યું છે કે અહીં પહેલા મેઘનાદ નામના ક્ષેત્રપાળ નું દહેરુ હતું અને ત્યાં યાત્રા સ્થાન નામની જગ્યા હતી જે ગૌતમ સ્વામીની જન્મભૂમિ રહી ચૂકી છે. 16મી સદીમાં હંસ સોમ વિજયજીનો ઉલ્લેખ આપણને પ્રાપ્ત થાય છે જેમાં તેઓ લખે છે કે અહીં 16 16 જિન મંદિર હતા. સદીની શરૂઆતમાં 17મી સદીની શરૂઆતમાં જયવિજયનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે અહીં 17 જિનાલય હતા અને અંત સુધી આપણને ઉલ્લેખ મળે છે કે ખાલી બે જનાલય હતા. 17 જિનાલયથી સીધેસીધા બે જિનાલે મા આવી ગયા અને 17 મી સદીમાં પણ છેલ્લો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે એમાં લખેલું છે સોભાગ્ય વિજયજી મહારાજ લખે છે માત્ર એક મંદિર એક સ્તૂપ અને પ્રતિમા વગરના જીર્ણ જીનાલય વિદ્યમાંન છે એટલે 16 17 જિનાલયથી આપણે એક જિનાલય માં પહોંચી ગયા માત્ર

૧૦૦ વર્ષના એક સ્પેમ ની અંદર તો કેટલું નુકસાન થયું છે એ સમયમાં એ આપણે વિચારી શકીએ છીએ.

પુરાતત્વિક દ્રષ્ટિએ આપણે જોઈએ તો ઘણા ઘણા જૈન શિલ્પો પ્રાપ્ત થયા છે અને ખાસ કરીને નાલંદા યુનિવર્સિટી ની સાઈડ માંથી પણ ઘણા બધા પ્રાચીન જૈન શિલ્પો પ્રાપ્ત થયા છે જે આજે દેરાસરમાં સરસ રીતે સ્થાપિત છે અને તેની દરરોજ પૂજા સેવા થાય છે. એલેક્ઝાન્ડર કલિંગ હમના ઉત્ખનન નો જે નકશો છે એમાં પણ એમણે જૈન ટેમ્પલ ની વાત કરી છે જે આપણે અહીં મેપમાં જોઈ શકીએ છીએ. અહીં પ્રાચીન પાલકાલીન 16 મી સદીની અને 10 મી સદીની પ્રતિમાના આપણને દર્શન થઈ શકે છે જે અહીંના ઉત્ખનનથી પ્રાપ્ત થઈ છે. જે ઋષભદેવ પરમાત્માનું જીનાલય છે એ અહીંનું એકમાત્ર શ્વેતાંબર જિનાલય છે જે નાલંદા વિશ્વવિદ્યાલયથી અડીને છે. આની દિવાલ પછી સીધું નાલંદા વિશ્વવિદ્યાલય શરૂ થાય છે આ પરિસરમાં જિનાલય અને ગૌતમ સ્વામી નું પ્રાચીન દ્રવિડ શૈલીમાં મંદિર છે . નાલંદાના ખંડીયર થી પ્રાપ્ત જેટલી પણ પ્રાચીન પ્રતિમા એ બધી અહીં સ્થાપિત કરવામાં આવી છે. પાંચ પ્રાચીન ભિન્ન પ્રતિમાઓ અહીં સ્થાપિત કરવામાં આવી છે. એની ખાસિયત એ છે કે એના જે મૂળનાયક ભગવાન છે મરુ દેવાના માતાયુક્ત શ્રી આદિનાથ ભગવાનની સરસ મજાની પ્રતિમા છે જેને આપણે દર્શન કરીશું.

આદિનાથ ભગવાનની સરસ જટાયુક્ત પ્રાચીન શામવરણીય લગભગ 14 મી સદીની પ્રતિમા છે તો એમના ખભા ઉપર કેસવાળાની લટ છે. આ પ્રતિમાના મસ્તક ઉપર મરુ દેવા માતા છે નીચે મધ્યમાં ઋષભનું લાંછચન છે બંને બાજુ હાથીઓ ઉપર દેવો આવી રહ્યા છે કળશ લઈને પ્રભુનો જન્મ અભિષેક કરવા આવી રહ્યા છે. પ્રભુના મસ્તક ઉપર ત્રણ છત્ર છે આ બધું કોમન શિલ્પ અહીં જોવા મળે છે.  આદિનાથ ભગવાનની ખૂબ જ ઊંચી જટા બનાવવામાં આવી છે મરુ દેવા માતા પ્રભુના મસ્તક ઉપર બિરાજમાન છે. આપણે ઘણા દેરાદરોમાં જોયું હશે ભગવાનની સામે માતા અંબાડી માં આવી રહ્યા છે એવું આપણને શિલ્પ જોવા મળે છે પણ અહીં તો પ્રભુના મસ્તક ઉપર મરુ દેવા માતા બિરાજમાન છે એવું અન્યત્ર ક્યાંય જોવા મળે

એવું લાગતું નથી. સરસ મજાનું પ્રાચીન શિલ્પ યુક્ત એવા આદિનાથ ભગવાનની આ પ્રતિમા છે. હાથી ઉપર દેવો કળશ લઈને આવતા હાથમાં ગંધર્વ માળા લઈને આવી રહ્યા છે અને અહીં એક શ્રાવક આરાધના કરી રહ્યો છે બાજુમાં પ્રભુનું લાછન છે એ પ્રકારનું શિલ્પ આપણને અહીં જોવા મળે છે. શાંતિનાથ ભગવાનની પ્રતિમા મહાવીર સ્વામી ભગવાનની પ્રતિમા પાશ્વનાથ ભગવાનની પ્રતિમા નેમિનાથ ભગવાનની પ્રતિમા આ બધી અહીં સંરક્ષણ કરેલી છે અને રોજ એની પૂજા સેવા આરાધના થઈ રહી છે.

અહીં ગૌતમ સ્વામી ભગવાનના  બે-બે ગુરુ મંદિર છે. નવું ગુરુ મંદિર છે પ્રાચીન દ્રવિડ શૈલીમાં બનાવેલું પ્રાચીન ગુરુ મંદિર છે. નૂતન જિનાલય ની પ્રતિષ્ઠા ૨૦૦૫માં પિયુષ સાગરજી દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવી હતી અને પ્રાચીન જિનાલય ની અંદર 11 ગણધર ભગવંતોની પ્રાચીન ચરણ પાદુકા બિરાજમાન છે. નવા જીનાલયમાં ડાબી તરફ જોઈ શકીએ છીએ ગૌતમ સ્વામી ભગવાનની ખુબ જ સરસ મજાની નયનરમ્ય પ્રતિમા બિરાજમાન છે અને જમણી તરફના જેટલા પણ ફોટા છે એ પ્રાચીન ચરણ પાદુકા 11 11 ગણધર ભગવંતોની બિરાજમાન છે. એમાં ખાસ કરીને જે મોટો ફોટો છે એ ગૌતમ સ્વામી ની પ્રાચીન ચરણ પાદુકાનું છે

*******************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST